# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૭૫ તા.૧૫-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આ વર્ષને સ્વચ્છતા વર્ષ તરીકે ઉજવવાની ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આ ઉજવણીના ભાગરૂપે શાળા કક્ષાએ વિવિધ પ્રકારનાં કાર્યક્રમો થઈ રહ્યા છે. તેનો સંદેશો સમાજમાં વ્યાપકરીતે પ્રસરી રહ્યો છે. નાના બાળકોમાં અત્યારથી જ સ્વચ્છતાના સંસ્કારો પ્રસ્થાપિત થાય તે ખુબ જ જરૂરી છે. સ્વચ્છતાના આગ્રહી માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ તા.૧૭-૯-૧૬નાં દિવસે સ્કૂલ બોર્ડની તમામ શાળામાં મહાસફાઈ કાર્યક્રમ યોજવાનો રહેશે. તે દિવસે શાળામાં નિબંધ સ્પર્ધા યોજવાની રહેશે. સ્વચ્છતા અને સામાજિક સમરસતા કાર્યક્રમ અંતર્ગત શાળા કક્ષાએ ધો.૬ થી ૮નાં તમામ બાળકોએ આ નિબંધ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

**નિબંધ સ્પર્ધાના વિષયો :-**
૧. સ્વચ્છતા અને આરોગ્ય
૨. સ્વચ્છતા ત્યાં પ્રભુતા
૩. સ્વચ્છતાને સંસ્કાર બનાવીએ.

- નિબંધ સ્પર્ધાનો સમય ૩૦ મિનીટનો રાખવો
- શાળા કક્ષાએ પ્રથમ વિજેતા સ્પર્ધકને બીટ કક્ષાએ નિબંધ સાથે મોકલવાના રહેશે.
- નિબંધના શબ્દો ૧૫૦ થી ૨૦૦ રાખવાના રહેશે.
- ૧ થી ૫ વિજેતા નંબરનાં નિબંધો શાળાના નોટીસ બોર્ડ પર રાખવાના રહેશે.
- શાળા કક્ષાએ પ્રથમ વિજેતાને પેન, બીટકક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય વિજેતાને કંપાસ, ઝોન કક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય વિજેતાને દફતર અને આંતર ઝોન કક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય વિજેતાને રોકડ ઈનામ આપવામાં આવશે.

| કક્ષા | તારીખ | સ્થળ | ભાગ લેનાર સ્પર્ધક |
|---|---|---|---|
| શાળાકક્ષા | ૧૭-૯-૧૬ | ધો.૬ થી ૮ની તમામ શાળા | ધો.૬ થી ૮ની તમામ વિદ્યાર્થીઓ |
| બીટકક્ષા | ૨૦-૯-૧૬ | સુપરવાઈઝરશ્રી નક્કી કરે તે | શાળા કક્ષાએ પ્રથમ વિજેતા |
| ઝોનકક્ષા | ૨૨-૯-૧૬ | મદદનીશ શાસનાધિકારીશ્રી નક્કી કરે તે | બીટ કક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય વિજેતા |
| આંતરઝોન કક્ષા | ૨૬-૯-૧૬ | સ્કૂલ બોર્ડ દ્વારા નક્કી થાય તે | ઝોન કક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય વિજેતા |

- નિર્ણાયકશ્રીઓની પસંદગી શાળા કક્ષાએ મુખ્ય શિક્ષક દ્વારા, બીટ કક્ષાએ સુપરવાઈઝરશ્રી દ્વારા, ઝોન કક્ષાએ મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા તેમજ આંતર ઝોન કક્ષાએ સ્કૂલ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે.

તા.૧૫-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- તા.૧૭-૯-૧૬ના રોજ સવારે ૯-૦૦ થી ૧૦-૩૦ કલાકે રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકોને **'સ્વચ્છતા અને સામાજિક સમરસતા'** સંદર્ભમાં માન. શિક્ષણ મંત્રીશ્રી પ્રેરક ઉદ્દ્બોધન કરવાના છે તો તમામ શિક્ષકોએ બાયસેગનાં માધ્યમથી આ પ્રસારણ ફરજિયાત નિહાળવાનું રહેશે.